ઓક્ટોબર

૧ ઓક્ટોબર ૧૯૨૪ - ગુજરાતી સુગમ સંગીતના ભીષ્મ પિતામહ ગાયક ક્ષેમેન્દ્ર વિરમિત્ર દિવેટિયાનો જન્મ થયો હતો. ઈ.સ. ૧૯૯૦માં સંગીત સુધા ' આલ્બમ રજૂ કર્યો હતો. ( અવસાન- ૩૦/૭/૨૦૦૯)

૨ ઓક્ટોબર ૧૮૬૯ - મારૂ જીવન એ જ મારો સંદેશ છે' જેનો જીવનમંત્ર છે તેવા ભારતના રાષ્ટ્રપિતા મોહનલાલ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદરમાં થયો હતો. ' સત્યના પ્રયોગો' આત્મકથા' લખી છે. (અવસાન- ૩૦/૧/૧૯૪૮)

૨ ઓક્ટોબર ૧૯૨૯ - વડોદરાની પ્રતિષ્ઠિત કલાસંસ્થા' ત્રિવેણી'ના સ્થાપક નાટ્યવિદ માર્કન્ડ ભટ્ટનો જન્મ થયો હતો.

૨ ઓક્ટોબર ૧૯૪૨ - ભારતીય ફિલ્મમાં ઉત્કૃષ્ઠ અભિનય આપનાર ગુજરાતી અભિનેત્રી આશા પ્રાણલાલ પારેખનો જન્મ ભાવનગરના મહુવામાં થયો હતો. દસ વર્ષની વયે ' બાપબેટી' ફિલ્મમાં પ્રવેશ કર્યો. ' તીસરી મંઝીલ' તેમની લોકપ્રિય ફિલ્મ હતી. ' અખંડ સૌભાગ્યવતી' ધારાવાહિકમાં પણ અભિનય કર્યો હતો.

૩ ઓક્ટોબર ૧૯૦૩ - ગુજરાતી સાહિત્યમાં કવિતા અને વિવેચન ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર મનસુખલાલ ઝવેરીનો જન્મ થયો હતો. ( અવસાન-૨૮/૮/૧૯૮૧)

૩ ઓક્ટોબર ૧૯૨૮ - સાહિત્ય અને ચિત્રકળા બંને પર એક્સર્ખ્ચ પ્રભુત્વ ધરવનાર અમૃતલાલ ગોવામલ વેગડનો જન્મ મધ્યપ્રદેશના જબલપુરમાં થયો હતો. તેમનું મૂળ વતન કચ્છ જિલ્લાનું કુંભારિયા હતું. તેમણે ગુજરાત પ્રવાસ પુસ્તકો ' પરિક્રમા નર્મદામૈયાની ' અને ' સૌંદર્યની નદી નર્મદા' પુસ્તકો આપ્યા છે.

૪ ઓક્ટોબર ૧૯૨૮ - ભારતીય સ્વાતંત્ર્ય ચળવળમાં પ્રથમ સ્થાન ધરાવનાર ગુજરાતી ક્રાંતિવીર શ્યામજી કરસનજી કૃષ્ણવર્માનો જન્મ માંડવીમાં થયો હતો. તેમણે ' ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' નામનું અખબાર શરૂ કર્યું હતું.( અવસાન ૩૧/૩/૧૯૩૦)

૪ ઓક્ટોબર ૧૯૧૬ - સરદાર પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇકોનોમિક્સ એન્ડ સોશિયલ રીસર્ચ'ના સ્થાપક ડિરેક્ટર ડી.ટી. લાકડાવાળાનો જન્મ થયો હતો. (અવસાન ૧૫/૪/૧૯૯૨)

૬ ઓક્ટોબર ૧૯૩૩ - ગુજરાતી ચલચિત્ર , આકાશવાણી અને ટેલિવિઝનના સુપ્રસિદ્ધ દિગ્દર્શક અને કલાકાર દામિની મહેતાનો જન્મ અમદાવાદમાં થયો હતો.તેમણે ' નટરંગ' નિ સ્થાપના કરી.તેમણે અનેક નાટકોમાં દિગ્દર્શકની પણ ભૂમિકા ભજવી હતી.

૭ ઓક્ટોબર ૧૯૧૯ - ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ અને સંસ્કૃતભાષા સાહિત્યના સુપ્રસિદ્ધ વિદ્વાન હરિપ્રસાદ શાસ્ત્રીનો જન્મ થાઓ હતો.

૯ ઓક્ટોબર ૧૯૩૬ - દલિત સાહિત્યક્ષેત્રે આગવું પ્રદાન કરનાર જોસેફ ઇગ્લાસ મેક્વાનનો જન્મ ખેડા જીલ્લાના ગાણોલ ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન આણંદ પાસે આવેલું ઓડ ગામ છે. ' વ્યથાના વીતક', ' વ્હાલના વલખાં', ' મારી ભિલ્લુ' ચરિતે ગ્રંથો છે. તેમણે ' આંગળીયાત' સુપ્રસિદ્ધ નવલકથા છે. (અવસાન – ૨૭/3/૨૦૧૦)

૧૦ ઓક્ટોબર ૧૯૦૭ - નાટ્યલેખન અને નાટ્ય વિવેચન કરનાર ગજરાતી નાટ્યવિદ પ્રાગજી ડોસાનો જન્મ થયો હતો. (અવસાન- ૨૦/૮/૧૯૯૭)

૧૧ ઓક્ટોબર ૧૯૩૨ - ગજરાતી કવિ, સંપાદક, અધ્યાપક , વિવેચક તથા કટારલેખક સુરેશ દલાલનો જન્મ થયો હતો.

૧૧ ઓક્ટોબર -૧૯૫૦ - ગુજરાતી કવિ દલપતભાઈ નારણભાઈ પઢીયારનો જન્મ ખેડા જીલ્લાના કહાનવાડીમાં થયો હતો. તેમણે ' ભોયબદલો' કાવ્યસંગ્રહ આપ્યો છે.

૧૨ ઓક્ટોબર ૧૯૫૦ - ગુજરાતી ગઝલકાર રાજેન્દ્ર અનંતરાય શુક્લનો જન્મ સૌરાષ્ટ્રના જુનાગઢ જીલ્લાના બાંટવા ગામમાં થયો હતો. ' કોમલ રિષભ', 'અંતર ગાંધાર' અને સ્વવાચકની શોધ' તેમના કાવ્યગ્રંથો છે.

૧૨ ઓક્ટોબર ૧૯૪૮ - ગુજરાતના શિલ્પકલાને પૂર્ણ સમયનો વ્યવસાય બનાવનાર શિલ્પી જસુભાઈ વ્રજ્લાલનો જન્મ થયો હતો.

૧૩ ઓક્ટોબર ૧૯૩૧ - ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક રસિકલાલ ગોવેન્દભાઈ અંધારિયાનો જન્મ ભાવનગરમાં થયો હતો.તેઓ કિરાના ઘરાનાના ગાયક હતા. (અવસાન- ૧૯/૭/૧૯૮૫)

gnanbhandar.com

૧૫ ઓક્ટોબર ૧૯૨૧ - ‘ તારી આંખનો અફીણી , તારા બોલનો બંધાણી’ ગીતના ગાયક અને સંગીતકાર દિલીપભાઈ ભોગીલાલભાઈ ધોળકિયાનો જન્મ જુનાગઢમાં થયો હતો. તેમણે ‘ કંકુ’, ‘ મેણા ગુજરી’ અને ‘ ડાકુરાણી ગંગા’ જેવી ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપ્યું છે. (અવસાન- ૨/૧/૨૦૧૧)

૧૫ ઓક્ટોબર ૧૯૨૯ - ગુજરાતી કવિ, અનુવાદક અને પત્રકાર શેખાદમ આબુવાલાનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમનું મૂળ નામ આદમ શુજાદીન આબુવાલા હતું. ‘ ચાંદની’ , ‘અંજપો’, ‘ હવાની હવેલી’ , સોનેટ લટ’ તેમના કાવ્યસંગ્રહો છે. પ્રયોગશીલ ગઝલકાર તરીકે તેમનું આગવું પ્રદાન છે. ‘ તાજમહેલ’ એમના મુક્તકોનો સંગ્રહ છે. (અવસાન - ૨૦/૫/૧૯૮૫)

૧૫ ઓક્ટોબર ૧૯૪૧ - ગુજરાતી સુગમ સંગીતના સુપ્રસિદ્ધ ગાયિકા હર્ષદા જનાર્દન રાવલનો જન્મ થયો હતો. ‘ સંતુ રંગીલી’, ‘ કાશીનો દીકરો’ જેવી ફિલ્મો માટે શ્રેષ્ઠ પાર્શ્વગાયિકા બદલ ગૌરવ પુરસ્કાર એનાયત થયેલ છે.

૧૭ ઓક્ટોબર ૧૮૭૫ - જૈન અગમ પ્રભાકર મુનિશ્રી પૂણ્યવિજયજીનો જન્મ કપડવંજમાં થયો હતો. દુષ્પ્રાપ્ય હસ્તપ્રતોની જાળવણી તથા અમૂઓલ્ય તાડપત્રીઓની માઈક્રો ફિલ્મ બનાવડાવી. (અવસાન-૨૪/૬/૧૯૭૨)

૧૮ ઓક્ટોબર ૧૯૨૮ - ભારતના ભુતપૂર્વ

૧૯ ઓક્ટોબર ૧૮૯૫ - ગુજરાતના ઇતિહાસ સંશોધનમાં મહત્વની કામગીરી કરનાર રત્નમણિરાય ભીમરાવ જોટેનો જન્મ ભુજમાં થયો હતો. (અવસાન ૨૪/૯/૧૯૪૩)

૧૯ ઓક્ટોબર ૧૯૨૦ - વેદશાસ્ત્રસંપન્ન અને સમાજલક્ષી પ્રવૃતિઓનો પ્રભાવ પાથરનાર દાદા પાંડુરંગ વૈજનાથ આઠવલેનો જન્મ થયો હતો. (અવસાન ૨૫/૧૧/૨003)

૧૯ ઓક્ટોબર ૧૯૧૯ - શાસ્ત્રીય ગાયક તથા શાસ્ત્રીય સંગીતના ઉમદા શિક્ષક બાબુભાઈ અંધારિયાનો જન્મ ભાવનગરમાં થયો હતો. તેઓ સૌરાષ્ટ્ર સંગીત અકાદમીમાં અધ્યાપક તરીકે કામગીરી કરી હતી.

gnanbhandar.com

૨૦ ઓક્ટોબર ૧૮૫૫ - અર્વાચીન ગુજરાતી સાહિત્યના પંડિતયુગના અગ્રણી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો હતો. તેમણે ગજરાતી મહાનવલકથા ' સરસ્વતીચંદ્ર ભાગ ૧ થી ૪ પ્રગટ કરી હતી. ' સ્નેહમુદ્રા' તેમનો કાવ્યસંગ્રહ છે. (અવસાન – ૪/૧/૧૯૦૭)

૨૦ ઓક્ટોબર ૧૯૨૦ - ગુજરાતી સાહિત્યકાર અને પત્રકાર જયંત હિંમતલાલ પાઠકનો જન્મ પંચમહાલ ના રાજગઢમાં થયો હતો. તેમણે ' જન્મભૂમિ' અને ' હિન્દુસ્તાન'માં દૈનિકમાં પત્રકાર તરીકે રહ્યા હતા. તેમણે ' મર્મર', સંકેત', ' વિસ્મય' , 'મૃગયા' , બે અક્ષર આનંદના' અને શૂળી પર સેજ' કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા હતા.(અવસાન ૧/3/૨003)

૨૨ ઓક્ટોબર ૧૮૮3 - ભૂર્ગભ વિજ્ઞાનમાં મહત્વનું યોગદાન આપનાર ગુજરાતી વિજ્ઞાની ડો.દારાશા નૌશેર વાડિયાનો જન્મ થયો હતો. (અવસાન- ૧૫/૬/૧૯૬0)

૨૨ ઓક્ટોબર ૧૮૬૯ - ગુજરાતી સાહિત્યમાં પ્રયોગશીલ કાવ્ય સાહિત્યક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર પ્રહલાદ જેઠાલાલ પારેખનો જન્મ થયો હતો. (અવસાન – ૨/૧/૧૯૬૨)

૨૨ ઓક્ટોબર ૧૯03 - ગુજરાતમાં સહકારી દૂધ મંડળીની પ્રવૃતિની શરૂઆત કરનાર ત્રિભોવનદાસ કાશીભાઈ પટેલનો જન્મ થયો હતો. (અવસાન 3/૬/૧૯૯0)

૨3 ઓક્ટોબર ૧૮૬૯ - ગુજરાતી સાહિત્યમાં ' પ્રયોગવીર' નું બિરુદ પામનાર અને ગુજરાતી સોનેટના પિતા તરીકે ઓળખતા બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ ભરૂચમાં થયો હતો. તેઓ ગાંધીયુગની વિચારપ્રધાન કવિતાના પ્રણેતા હતા. તેમણે ' સેહેની' ઉપનામથી ' મ્હારાં સોનેટ' અને ' ભણકારા' કાવ્યસંગ્રહ આપ્યા હતા. (અવસાન – ૨/૧/૧૯૫૨)

૨3 ઓક્ટોબર ૧૯0૧ - ગુજરાતી હાસ્યલેખક જ્યોતીન્દ્ર હરિશંકર દવેનો જન્મ સુરતમાં થયો હતો. તેમણે ' રંગ તરંગ', ' મારી નોંધપોથી', ' હાસ્ય તરંગ', 'પાનના બીડાં' હાસ્યલેખોના મહત્વના સંગ્રહો છે. ' અમે બધા' એ ધનસુખલાલ મહેતાના સહયોગથી લખેલી નવલકથા છે. તેમના ઉપનામ ' અવળવાણિયા અને ગુપ્તા હતું. (અવસાન ૧૧/૯/૧૯૮0)

૨૪ ઓક્ટોબર ૧૮૯૨ - ગુજરાતી કવિ, ગઝલકાર , નાટ્યકાર અને વાર્તાકાર હરજી લવજીભાઈ ઉર્ફે ' શયદા'નો જન્મ થયો હતો. (અવસાન – ૩૧/૫/૧૯૬૨)

૨૫ ઓક્ટોબર ૧૮૮૨ - બહુમુખી પ્રતિભાશાળી રણજીતરાય વાવાભાઈ મહેતાનો જન્મ થયો હતો.

૨૫ ઓક્ટોબર ૧૯૧૫ - ગુજરાતના ભુતપૂર્વ મુખ્યમંત્રી ઘનશ્યામભાઈ છોટાભાઈ ઓઝાનો જન્મ થયો હતો. ઈ.સ.૧૯૭૨માં ગુજરાત રાજ્યના ચોથા મુખ્યમંત્રી બન્યા. (અવસાન- ૧૨/૭/૨૦૦૨)

૨૬ ઓક્ટોબર ૧૯૨૬ - ગુજરાતી હાસ્યલેખનક્ષેત્રે પ્રદાન આપનાર ચીનુભાઈ ભોગીલાલ પતવા ઉર્ફે ' ફિલસૂફી'નો જન્મ થયો હતો. (અવસાન ૮/૭/૧૯૬૯)

૨૭ ઓક્ટોબર ૧૮૯૫ - પ્રાચીન જૈન સાહિત્યનો અમૂલ્ય વારસો જાળવનાર જ્ઞાન તપસ્વી મુની પુણ્યવિજયજી ડાહ્યાભાઈ નો જન્મ કપ્દ્વાન્જમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમ નામ મણીલાલ હતું. (અવસાન- ૨૪/૬/૧૯૭૧)

૩૦ ઓક્ટોબર ૧૯૦૯ - ભારતના અણુયુગના પ્રણેતા ડો. હોમી જહાંગીર ભાભાનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમના માર્ગદર્શનથી ઈ.સ. ૧૯૫૬માં ભારતની પ્રથમ પરમાણુ ભઠ્ઠી ' અપ્સરા' તથા ' સાયરસ ' સ્થાપના કરવામાં આવી હતી. (અવસાન- ૨૫/૧/૧૯૬૬)

૩૧ ઓક્ટોબર ૧૮૭૫ - ભારતના બિસ્માર્ક લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલનો જન્મ ખેડા જીલ્લાના કરમસદ ગામમાં થયો હતો. (અવસાન- ૧૫/૧૨/૧૯૫૦)

gnanabhandar.com